EDII

Divyabhaskar

August 01, 2019
Page No. 09

### સૂચનો, અભ્યાસ અને સમીક્ષા માટે 10 ટાસ્કફોર્સની રચના કરવામાં આવી

# રોકાણકારોને આકર્ષવા રાજ્ય સરકાર નવી ઈન્ડસ્ટ્રીઅલ પોલિસી બનાવશે

### એસોચેમ, ફિક્કીના પ્રતિનિધિઓ અને IIMના પ્રોફેસરનો ટાસ્કફોર્સમાં સમાવેશ

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

દેશમાં મંદીના માહોલ વચ્ચે ગુજરાતમાં રોકાણકારોને આકર્ષવા માટે આ વખતે રાજ્ય સરકાર દ્વારા નવી ઈન્ડસ્ટ્રીઅલ પોલિસી ઉપર ફોકસ કરવામાં આવ્યું છે. વિવિધ સેક્ટરમાં સૂચનો મેળવવા, અભ્યાસ અને હાલની નીતિની સમીક્ષા કરીને તે મુજબના સુધારા સૂચવવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા 10 જેટલી ટાસ્કફોર્સની રચના કરાઈ છે.

હાલ રાજ્યમાં 2015ની ઉદ્યોગ નીતિ અમલી છે જેની મુદ્દત ડિસેમ્બર 2019માં પૂર્ણ થઈ રહી છે. ત્યારબાદ તરત જ નવી અને અસરકારક નીતિ અમલમાં આવે તે માટેની કવાયત રાજ્ય સરકારે શરૂ કરી છે.

રાજ્ય સરકારે 10 જેટલી ટાસ્કફોર્સ 3 મહિનામાં પોતાની ભલામણો ઉદ્યોગ કમિશનરને મોકલી આપશે. રાજ્યકક્ષાની ટાસ્કફોર્સ મુખ્ય સચિવ જે.એન. સિંહની અધ્યક્ષતામાં રચાઈ છે જેમાં વિવિધ વિભાગના સચીવો અને કમિશનરોનો સમાવેશ કરાયો છે જ્યારે બિન સરકારી સભ્યો તરીકે જીસીસીઆઈના પ્રમુખ, ફિક્કીના ગુજરાત પ્રમુખ, સીઆઈઆઈના ગુજરાત પ્રમુખ, એસોચેમના ગુજરાત પ્રમુખ ઉપરાંત પીડીપીયુના ડાયરેક્ટર સી.ગોપાલક્રિષ્નન, આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર સબેસ્ટીયન મોરેશ, ઈડીઆઈના પ્રો.દિનેશ અવસ્થી અને કિરણ જોશીનો સમાવેશ કરાયો છે.